# નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

NAVSARI AGRICULTURAL UNIVERSITY

## પરિપત્ર

નવસારી કૃષિ યુનિવર્સિટીના યુનિટ સબયુનિટના માસિક ખર્ચ પત્રક સાથે સંકળાયેલા,કંટીજન્સીના બીલો બનાવનારા અને પગાબીલ બનાવનારા કર્મચારીઓને તા.૫.૧૦.૨૦૧૨ થી તા.૦૯.૧૦.૨૦૧૨ સુધી સર્વરરૂમ ખાતે ઓનલાઈન MES બનાવવા અંગેની તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરેલ છે.

તાલીમ દરમ્યાન નીચે મુજબની જરૂરી સુચનાઓ આપવામાં આવી હતી.

- તા.૦૧.૦૪.૨૦૧૨ થી તા.૩૦.૧૧.૨૦૧૨ સુધીની MES બીલોની ડેટા એન્ટ્રી ઓનલાઈન સોફટવેરમાં **તા.૩૦.૧૧.૨૦૧૨** સુધીમાં પુર્ણ કરવાની રહેશે તેમજ ઓનલાઈન કરેલ એન્ટ્રીઓનું મેળવણું વહીવટી–વ–હિસાબી અધિકારીશ્રીની કચેરીમાં ૩૦.૧૧.૨૦૧૨ સુધીમાં પુર્ણ કરવાનું રહેશે.
- **તા.૦૧.૧૨.૨૦૧૨** થી તમામ યુનિટ સબયુનિટના માસિક ખર્ચ પત્રક, કંટીજન્સી બીલો અને પગારબીલોની એન્ટ્રી ઓનલાઈન સોફટવેર દવારા વહીવટી–વ–હિસાબી અધિકારીશ્રી ને મોકલવાની રહેશે, તેમજ ઓનલાઈનએન્ટ્રી જે તે યુનિટ દ્રારા કરવામાં આવી હશે તો જ જે–તે બીલો વહીવટી–વ–હિસાબી અધિકારીશ્રી ની કચેરીમાંથી પાસ કરવામાં આવશે.
- હિસાબી વર્ષ પુર્ણ થયાની તરીખ પહેલાં તમામ બીલો ઓનલાઈન સબમીટ કરેલા હોવા જરૂરી છે.હિસાબી વર્ષ પુર્ણ થયા બાદ હિસાબી વર્ષ બદલવાનું હોવાથી યુનિવર્સિટીના તમામ એકાઉન્ટ ફંડ, તમામ કેવીકેના એકાઉન્ટ ફંડ અને એનએઆઈપી તથા સુગરકેન ટીસ્યુકલ્ચરના તમામ એકાઉન્ટ ફંડોની આવક અને ખર્ચાની એન્ટ્રી ૩૧ માર્ચ સુધીમાં પુર્ણ કરવાની રહેશે. **૧ એપ્રિલ**થી નવા હિસાબી વર્ષના ખર્ચા અને આવકોની એન્ટ્રી શરૂ કરવાની હોય જુનાં હિસાબી વર્ષના કોઈપણ બીલો સ્વીકારવામાં આવશે નહી.
- યુનિવર્સિટીમાં તમામ પત્ર વ્યવહારો કે જેમાં બજેટસદરનો ઉલ્લેખ કરવાનો હોય ત્યાં **બજેટસદરની આગળ યુનિટ નંબર ફરજિયાતપણે લખવાનો રહેશે**.યુનિવર્સિટી ના તમામ યુનિટ નંબરનું લીસ્ટ આ સાથે સામેલ છે.
- લોન,એડવાન્સ અને ડીપોઝીટના ખર્ચ અને આવકનાં બીલોની એન્ટ્રી તેમજ એન.એ.યુ ફંડ એકાઉન્ટની આવકની એન્ટ્રી વહીવટી–વ–હિસાબી અધિકારીશ્રીની કચેરી દ્રારા જાણ ન કરવામાં આવે ત્યાં સુધી ઓનલાઈન કરવાની રહેતી નથી. આ બીલો અને ચલણો હાલ જે પ્રમાણે મોકલવામાં આવે છે તે પ્રમાણે મોકલવાના રહેશે.
- યુનિવર્સિટીના યુનિટ અને સબયુનિટમાં ઈન્ટરનેટની સગવડ ન હોવાના કારણે ડેટા એન્ટ્રી કરવામાં તકલીફ જણાય તો સર્વરરૂમનો સંપર્ક કરી જે તે યુનિટ સબયુનિટની ડેટા એન્ટ્રી પુર્ણ કરવી, તેમજ ઈન્ટરનેટની સગવડ યુનિટ સબયુનિટમાં ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી તા.૦૧–૧૨–૨૦૧૨ થી જમા કરાવવાના બીલો હાર્ડ કોપીમાં લાવી સર્વરરૂમ ખાતે એન્ટ્રી કરી વહીવટી–વ–હિસાબી અધિકારીશ્રીની કચેરીમાં જમા કરાવવાના રહેશે.
- યુનિવર્સિટીના યુનિટ સબયુનિટે ઓલાઈન ડેટા એન્ટ્રી અંગેના યુઝર આઈડી અને પાસવર્ડ erp@nau.in ઉપર મેઈલ કરી મેળવી લેવા.

**ઓનલાઈન ડેટા એન્ટ્રી કરતી વખતે ધ્યાન માં રાખવાના મુદૃાઃ–**

- ખર્ચને લગતી તમામ એન્ટ્રી જેવીકે પગાર ભથ્થા,રીકરીંગ,નોન–રીકરીંગની ગ્રોસ રકમની જે તે કોડ પ્રમાણે ઓનલાઈન એન્ટ્રી કરવાની રહેશે.
- બુક એડજસ્ટમેન્ટની એન્ટ્રી ઓનલાઈન કરવાની રહેતી નથી.
- ખર્ચ ટ્રાન્સફર કરવા અંગેના બીલોની એન્ટ્રી ઓનલાઈન કરવાની રહેતી નથી.
- પગારભથ્થાનાં રોકડ તેમજ એબસ્ટ્રેક બીલોની બચત રકમના રીફંડની એન્ટ્રી ઓનલાઈન કરવાની રહેતી નથી.

- ઓનલાઈન કરવાના બીલો તેમજ ચલણો હાલ જે પ્રમાણે મોકલવામાં આવે છે એજ પ્રમાણે મોકલાવવાના રહેશે.
- આવકને લગતી કોઈપણ પ્રકારની એન્ટ્રી હાલ કરવાની રહેતી નથી.
- યુનિવર્સિટી ઈનકમને લગતા તમામ ચલણ હાલ જે પ્રમાણે હાર્ડકોપીમાં મોકલો છો એજ પ્રમાણે મોકલવાના રહેશે.

  ઉપર જણાવેલ ખર્ચને લગતા તમામ પ્રકારના બીલોની ફકત ગ્રોસ રકમની એન્ટ્રી ઓનલાઈન કરવાની રહેશે.વહીવટી–વ–હિસાબી અધિકારીશ્રીની કચેરીમાં ઓનલાઈનની ટેબલ પ્રમાણે ચકાસણીમાં ફકત ગ્રાન્ટ પુરેલ છે કે નહી અને ખર્ચના ગ્રોસ રકમની માહિતી કોડ પ્રમાણે કરેલ છે કે નહી એ ચેક કરી ઓનલાઈન એપ્રુવલ આપવામાં આવશે.બાકીના બીલ મોકલવાની અને બીલ પાસ કરવાની કામગીરી હાલ જે પ્રમાણે કરવામાં આવે છે તે પ્રમાણે જ કરવાની રહેશે.

- ગ્રાન્ટની ઓનલાઈન એન્ટ્રી હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામકશ્રીની તેમજ પ્લાનીંગ ઓફિસરશ્રીની કચેરી દ્વારા કરવાની રહેશે,ઓનલાઈન ગ્રાન્ટ ફાળવ્યા બાદ જે તેયુનિટ સબયુનિટે ગ્રાન્ટની ચકાસણી ઓનલાઈન ગ્રાન્ટ રીપોર્ટ ઉપરથી કરી લેવાની રહેશે અને કોઈ આંકડાકીય ભુલો જોવા મળે તો અત્રેની કરચેરીને જાણ કરવાની રહેશે.
- તમામ યોજનાઓના યુનિવર્સિટી બજેટહેડની ઓનલાઈન એન્ટ્રી હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામકશ્રીની તેમજ પ્લાનીંગ ઓફિસરશ્રીની કચેરી દ્વારા કરવાની રહેશે,ખર્ચની ડેટાએન્ટ્રી કરતી વખતે યોજનાઓના યુનિવર્સિટી બજેટહેડ જોવા ન મળે તો અત્રેની કચેરીને જાણ કરી ઉમેરાવી લેવાનું રહેશે.

**સામેલ :** ૧. યુનિટ નંબરનું લીસ્ટ
૨. ખર્ચ અને આવકના ડીટેઈલ કોડોની માહિતી.

જા.નં.નકૃયુ/કોમ્પ્ટ/કંટ્રોલ/૧૨૨૫૬–૩૦૫/૨૦૧૨
નવસારી. તા.૨૨/૧૦/૨૦૧૨

હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામક

**<u>નકલ સવિનય રવાના :</u>**

૧. કુલસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી
૨. સંશોધન નિયામકશ્રી નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી
૩. પ્લાનીંગ ઓફિસરશ્રી નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી તરફ જાણ સારૂ.
૪. વહીવટી–વ–હિસાબી અધિકારીશ્રી નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી તરફ જાણ સારૂ.
૫. આ યુનિવર્સિટીના તમામ યુનિટ અને સબયુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.

**<u>નકલ રવાના :</u>**

૧. સિલેકટ ફાઈલ
૨. પરિપત્રની ફાઈલ